## 'મન ચીતરીએ' – મનની ગતિનો આલેખ | ડૉ. પિનાકિની પંડ્યા

[**'મન ચીતરીએ'** : કવિ મુકુન્દ પરીખ, પ્ર. રન્નાદે પ્રકાશન, પ્ર.આ. નવેમ્બર ૨૦૦૪, પૃ. ૭૨, કિં. રૂ. ૫૫]

અસ્તિત્વને પામવાનું સ્વપ્ન, અસ્તિત્વની પ્રતીતિ કરવાની મથામણ શબ્દમાં શબ્દરૂપે, પ્રકૃતિમાં પ્રકૃતિરૂપે, મૃગજળમાં મૃગજળરૂપે મળે છે. મુકુન્દ પરીખના 'મન ચીતરીએ'માં સ્વપ્નું નવું નથી. સ્વપ્નની અભિવ્યક્તિરીતિ પણ ૧૯૬૦ના અરસાની છે. છતાં મૃગજળ સાથેનું આત્મીયપણું સ્પર્શી ગયું. 'આ મૃગજળ મારું છે ?'નું વારંવારનું પુનરાવર્તન માનવજીવનની આત્મીય બની ગયેલી ભ્રામકતાનો પરિચય કરાવે છે. એમાં તો પ્રત્યક્ષ થઈ છે માનવજીવનની વિડંબના. મૃગજળ સ્થળ કે જળનું નથી, ચંદ્ર કે સૂરજનાં કિરણોથી ઉદ્‌ભવ્યું નથી. પણ માનવના મનમાં પ્રસરેલું છે, જન્મ્યું છે તેથી જ મૃગજળનું છળ મીઠું લાગે છે. પોતાના અસ્તિત્વ વિશેનો કે ઈશ્વરના અસ્તિત્વ વિશેનો મૃગજળિયો ખ્યાલ પ્રસવ્યો તો છે મનમાં જ. એટલે અવઢવની પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. 'કોણ સાચા ?'માં તો મૃગજળના પ્રતીક વિના પણ મનમાં થયેલા ભ્રમના બે પડછાયા સાચા કે ખોટા ? તેની અવઢવ સતત રહ્યા કરે છે.

સર્જનપ્રક્રિયા દ્વારા અસ્તિત્વને પામવાની મથામણ માનવચેતના દ્વારા મન્વંતરોથી ચાલ્યા કરે છે. થીજેલા શૂન્યાવકાશને ઓગાળવા સૃજનકાળના અંધારમાં આ સર્જકની ચેતના પણ શબ્દની પ્રતીક્ષા કરે છે. ('આજીજી', પૃ. ૧૪). શબ્દસાંનિધ્યથી હૂંફની ઝંખના ('આભાર તમારો', પૃ. ૩) થતી રહે છે. શબ્દના અર્થ અને અર્થના શબ્દ શોધવાની મૂંઝવણભરી પ્રતીક્ષા ચાલ્યા કરે છે. ('મન્વંતરો', પૃ. ૫૦). આવાં કાવ્યોમાં શબ્દ ઊગવાનું જસ્ટિફિકેશન પ્રાપ્ત કરવાની વાત છે તો શબ્દને પેલે પાર નિઃશબ્દને પામવાના પ્રયત્નો છે. મથામણ તો જલ, વાયુ, પ્રકાશ જેવા પંચમહાભૂતોમાં પણ 'સ્વ'ને પામવાની છે. ('ત્યારે' પૃ. ૪૦.) આવી ઝંખના 'એમ જ' (પૃ. ૫)માં છે. અહીં અસ્તિત્વનો વૃક્ષમય અનુભવ છે પણ ત્યાંયે

**વૃક્ષ અમારું શાપિત**
**એક પણ**
**નવું પર્ણ**
**ફૂટે નહિ એને** (પૃ. ૫)

ની વેદના છે. સૂકા પર્ણની જેમ ખખડવું તે જ માનવની નિયતિ છે. 'લય' કાવ્યમાં ખિસકોલીની સાહજિક ચઢ-ઉતર અને મહોરું પહેરીને જીવતા માનવના સાપસીડીની ગતિના લયને jux-tapose કરી માનવ અને પ્રકૃતિના વિરોધી જીવનલયનો આલેખ આપ્યો છે. આવો વિરામ જીવનલય 'બટેરબેઠું'માં બહુ મુખર બન્યો છે.

**ચક્કર ચક્કર ચક્કર**
**હા**
**આંખે ચક્કર**
**પાંખે ચક્કર**
**ભીતર ચક્કર**
**બહાર ચક્કર**
**સકળ દીસતું**
**એક જ એક જ એક જ**

આધુનિક કવિતામાં વારંવાર પ્રયોજાઈ ગયેલી આવી અભિવ્યક્તિરીતિ કવિના કોઈ આગવા ભાવવિશ્વનો પરિચય કરાવતી નથી.

સમયના સંદર્ભમાં જીવનતત્ત્વની શોધ 'ત્રણ મણકાની માળા'માં છે. તેમાં હતું, છે, હશે – જેવાં ક્રિયાપદો દ્વારા સમયના ત્રણ ખંડો વર્તમાન, ભૂત, ભવિષ્યનું સૂચન છે તો 'એક માણસ'માં અજવાળાની ટેકણલાકડી અને યાદદાસ્તની ટેકણલાકડી દ્વારા ભવિષ્ય-ભૂતકાળનું સૂચન કરી વર્તમાન જીવનના મર્મને પકડવાનો હેતુ છે. પણ જીવન તો જન્મ-મૃત્યુના ઝેબ્રા ક્રૉસિંગ આગળ સૂતેલું પડ્યું છે. સતત વહેતા સમયને અટકાવી જીવતરના જીર્ણ વસ્ત્રને થીંગડું નહિ મારી શકવાની વેદના પણ કાવ્યમાં છે. ક્યાંક જીવન-મૃત્યુના રહસ્યને 'જાણીને શું કરશો ?' જેવું સમાધાન છે. તો ક્યાંક અસ્તિત્વ આપીને કોઈએ ઉપહાસ તો નથી કર્યો ને ? એવી મનની સાશંક અવસ્થા પણ નિરૂપાઈ છે. 'તમાશો' બની ગયેલું જીવન જોઈ ઈશ્વર હૈયાફાટ હસતો અનુભવાય છે. અહીં 'હૈયાફાટ' શબ્દને રુદનને સ્થાને હાસ્ય સાથે પ્રયોજી કરુણ વિડંબનાનો સૂર પ્રગટ કર્યો છે. 'ખીલો'માં ખીલાનો પ્રતીક અને પુરાકલ્પન એમ બંને રીતે પ્રયોગ કર્યો છે. 'ખીલો' સ્થગિત માનવજીવનનું પ્રતીક છે. એ જ 'ખીલો' ઈશુ ખ્રિસ્તના સંદર્ભ દ્વારા Myth પણ બને છે. ખીલાની સ્વગતોક્તિરૂપે મુકાયેલી પંક્તિઓ :

**હવે તો જે આવશે**
**બંધાવાને**
**સાત જનમના છોડું**

–માં ઈશ્વરના સાંનિધ્યની ઝંખના રજૂ થઈ છે. બીજા એક કાવ્યમાં મુક્તિની ઝંખના છે પણ આધ્યાત્મિક કક્ષાની નથી.

**વનરાવનની રેતી ખૂંદી**
**જનમ જનમથી મુક્તિ ક્યાં છે ?**

આ જ કાવ્યમાં આત્મા અને દેહ, છીપ અને મોતી, દીપ અને જ્યોત વચ્ચેના આંતરસંબંધ દ્વારા અસ્તિત્વની શોધ છે. 'વૃક્ષને થાય'માં આવી શોધ વૃક્ષ અને છાયના આંતરસંબંધ દ્વારા થઈ છે.

'મન ચીતરીએ'માં મનની પ્રસન્ન મુદ્રા પણ ઝિલાયેલી છે. વતન સાથેનો મુગ્ધ સંબંધ આ સંદર્ભે નોંધવા જેવો છે. વતનની ધૂળમાં ભળી જવાની ઝંખના :

**કે મારી ધૂળમાં**
**લખે**
**તારું**
**મારું**
**નામ**
**મારાં ગામ (વતન)**

તેમજ 'નિસબત' કાવ્યમાં

**એની રજકણ**
**બની રક્તકણ**
**ધબકે નાડી નાડી** (પૃ. ૪૪)

'નોતરાં'માં પ્રકૃતિનું ઉલ્લાસમય ચિત્રણ છે. પ્રકૃતિનાં અન્ય રમ્યરૂપોની સાથે ગુલમહોર અને ગરમાળાના રાતાપીળા સાફાની શોભા પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. પણ 'અમને મળ્યું છે તે રાખ્યું છે' જેવી સીધા વિધાનવાળી પંક્તિ આયાસી લાગે છે.

આ ઉપરાંત સૂર્ય, વૃક્ષ, મૃગજળનાં પ્રતીકોનું વારંવારનું પ્રયોજન પણ કવિની સીમિત શબ્દપસંદગીની સાબિતી આપે છે. કેટલાક પદસમૂહોનું પુનરાવર્તન જેમ કે :

**તરે હવામાં એક જ** (પૃ. ૬)

S

**તરે હવામાં**
**પંખી નામે પીંછાં** (પૃ. ૨)

પણ જોવા મળે છે. વાગ્મિતાભરી વાક્યરચના જેવી કે,

**સૉરી ટુ ડિસ્ટર્બ યૂ**

S

**માય ગોડ**

માં ભાવકની સંડોવણી થાય છે પણ કાવ્યત્વને ઝાઝી ઉપકારક નથી નીવડતી. 'હા' 'ના' જેવાં હકાર, નકારવાચક ક્રિયાવિશેષણોનું વળગણ કઠે તેવું છે; જેમકે :

**બટેર બેઠું**
**ચગડોળે**
**હા...**
**હીંચે હીંચે હીંચે**
**હા** (પૃ. ૪)

S

**આત્મા ?**
**ના ના.**
**ઈશ્વર ?**
**ના ના.**
**ચાંદો ?**
**ના ના.**
**સૂરજ ?**
**ના ના.** (પૃ. ૨૧)

આ ઉપરાંત અછાંદસની વાક્યરચના, વાક્યલય, ખંડકયોજનામાં નાવીન્ય નથી. તેથી કહી શકાય કે 'મન ચીતરીએ'ની કવિતા ૧૯૬૦ની આસપાસની આધુનિક કવિતા સાથે ભાવપક્ષ અને કલાપક્ષે અનુસંધાન સાધે છે.